## <u>ચેઇન સ્નેચીંગના રવાડે ચઢેલા બે લબરમૂછીયા પકડાયા.</u>

તા.૧૭/૦૨/૨૦૧૭

ચેઇન સ્નેચીંગના રવાડે ચઢેલા બે લબરમૂછીયાને ક્રાઇમ બ્રાંચની ટીમે પરવટ ગામેથી પકડી પાડી પાંચ ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો. મળતી વિગતો પ્રમાણે શહેરમાં ચેઇન સ્નેચીંગના વધેલા બનાવોને પગલે ક્રાઇમ બ્રાંચની ટીમ અલગ અલગ વિસ્તારોમાં પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન પી.એસ.આઇ. શ્રી એમ.એસ. ત્રિવેદીનો સ્કવોડ પરવટ ગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો ત્યારે પોલીસ કર્મચારી સતપાલસિંહ અન ધર્મેન્દ્રસિંહને મળેલી બાતમીને આધારે પોલીસ વોચ ગોઠવી પરવટગામ બસ સ્ટેન્ડ પાસેથી દયાવાન ઉર્ફે બન્ટી અશોક પાટીલ (ઉ.વ. ૧૯. રહે. રોયલ સ્ટાર એપાર્ટમેન્ટ, ડીંડોલી) અને એક ૧૭ વર્ષીય કિશોરને ઝડપી પાડયો હતો. ક્રાઇમ બ્રાંચની પુછપરછમાં છેલ્લા ત્રણ મહિનામાં ખટોદરા, ઉધના, પાંડેસરા અને પુણા પોલીસ મથક વિસ્તારમાં બનેલા ચેઇન સનેચીંગના બનાવોનો ભેદ ઉકેલાય ગયો હતો. આ બન્ને લબરમુછીયા બજાજ પલ્સર બાઇક પર બેસી ગુનો કરતા હતા. દયાવાન અગાઉ ડીસીબીમાં પકડાય ચુકયો છે. બન્ને રીઢા ગુનેગારો છે. ક્રાઇમ બ્રાંચે બાઇક તથા મંગળસુત્ર મળી ૧.૨૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પુછપરછમાં વધુ ગુનાના ભેદ ઉકેલવાની શકયતા છે.